# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

## Shri Govind Guru University

## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/ વહીવટ/૨૦૧૯/૨૧૪૨૮ તા.૦૯/૦૨/૨૦૧૯

પરિપત્ર : ૭૫૯

વિષય : સ્વચ્છ શક્તિ-૨૦૧૯ હેઠળ તા.૧૨/૦૨/૨૦૧૯ ના રોજ સ્વચ્છ શક્તિ દિનની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ, ગોધરાના પત્રાંક:ગવઅ/એસબીએમજી/વશી/૨૮૫-૩૦૧,તા.૦૮/૦૨/૨૦૧૯

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓને ઉપર્યુક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે માન.પ્રધાનમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં તા.૧૧-૧૨/૦૨/૨૦૧૯ ના રોજ "સ્વચ્છ શક્તિ-૨૦૧૯" સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું સ્વચ્છ શક્તિ દિનની ઉજવણી માટે શાળા, કોલેજો, એન.સી.સી, એન.એસ.એસ. સ્કાઉટર્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વ સહાય જૂથો, ધાર્મિક અને યુવા સંગઠનો, મહિલા મંડળી, ગાંધી વોલીન્ટીયર્સ, નિગરાની સમિતિના સભ્યો, સ્વચ્છતા ચેમ્પિયન, ગ્રામ પંચાયત/ગ્રામ સુખાકારી સમિતિના સભ્યો, સખી મંડળ/સ્વસહાય જૂથની બહેનો, આશા વર્કર, આંગડવાડી વર્કર, શાળાના શિક્ષકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ, સ્થાનિક ડૉક્ટર અને ગ્રામજનો અને સ્ટાફ આ કાર્યક્રમમાં જોડાયેલા હોય જેનું જીવંત પ્રસારણ DD NEWS દ્વારા કરવામાં આવનાર છે. જેનો મહત્તમ લાભ આપની કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મેળવે તેવું આયોજન કરવા તેમજ આ સંદર્ભમાં આપના દ્વારા જો કોઈ પ્રોગ્રામ કરવામાં આવ્યો હોય તો તેના અહેવાલ ફોટોગ્રાફ સાથે નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ, ગોધરાને મોકલી આપવાનો રહેશે. જેની બિનચૂક નોંધ લેશો.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

નકલ રવાના: નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ, ગોધરા.

બિડાણ: સંદર્ભ દર્શિત પત્રની નકલ.

Scanned by CamScanner

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગ્રામ વિકાસ ભવન,
પંચમહાલ–ગોધરા, પીન નં. ૩૮૯૦૦૧
ફોનં.(ઓ) ૦૨૬૭૨ – ૨૫૩૩૯૧, ૨૫૩૩૯૨
ફેકસ:(ઓ)૦૨૬૭૨–૨૫૩૩૯૩
E-mail:- drda-pan@gujarat.gov.in

SWACHH GUJARAT

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

જા.નં.ગવઅ/એસબીએમજી/વશી/૨૮૫–૩૦૧ તા. ૮/૦૨/૨૦૧૯

વંચાણે લીધા:–

૧) સચિવશ્રી, પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકારના D.O.No.2/2S(DWS)/18 તા.૦૬/૦૨/૨૦૧૯.

૨) સ્પેશીયલ કમિશ્નરશ્રી, સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ), ગ્રા.વિ.વિભાગ, ગાંધીનગરનો પત્રક્રમાંક નં.સીઆરડી/એસબીએમ/બીસીસી/૨૫૨/૨૦૧૯ તા.૬/૦૨/૨૦૧૯.

**વિષય:–સ્વચ્છ શકિત–૨૦૧૯ હેઠળ તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ સ્વચ્છ શકિત દિનની ઉજવણી કરવા બાબત.**

## પરિપત્ર

પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકાર ધ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિતે માન.પ્રધાનમંત્રીની વિશેષ ઉપસ્થિતીમાં તા.૧૧–૧૨/૦૨/૨૦૧૯ના રોજ "સ્વચ્છ શકિત–૨૦૧૯" સંમેલનનું આયોજન કુરુક્ષેત્ર, હરિયાણા ખાતે કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાંથી અંદાજે ૧૦,૦૦૦ જેટલી મહિલા સરપંચો તથા ૫૦૦૦ જેટલી મહિલા ચેમ્પીયર્ન્સ સંમેલનમાં ભાગ લેનાર છે.

સદરહું ઉજવણીના ભાગરૂપે તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ કુરુક્ષેત્ર, હરિયાણા ખાતે આયોજિત સમેલનનું જીવંત પ્રસારણ DD NEWS ધ્વારા કરવામાં આવનાર છે અને આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છાગ્રહી અને સ્વચ્છતા ચેમ્પીયનને બહોળી સંખ્યામાં નિહાળી શકે તે માટે આયોજન કરવા જણાવવામાં આવે છે.

સદરહું ઉજવણીના ભાગરૂપે તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ સ્વચ્છ શકિત દિનની ઉજવણી કરવા જણાવેલ છે. સદરહું ઉજવણી હેઠળ તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ રેલી, સરઘસ, ગૌરવ યાત્રા, ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતાની કામગીરી સાથે સંકળાયેલ મહીલાઓનું સન્માન જેવા કાર્યક્રમનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

સ્વચ્છ શકિત દિનની ઉજવણી કરવા સરકારશ્રીના તમામ વિભાગોની કચેરીઓ જેવી કે કલેકટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા પાણી પુરવઠા કચેરી, જિલ્લા મહિલા અને બાળ વિકાસની કચેરી, નાયબ માહિતી નિયામકની કચેરી, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વ સહાય જૂથો, ધાર્મિક અને યુવા સંગઠનો, મહિલા મંડળો, શાળા, કોલેજો, એનસીસી, એનએસએસ, સ્કાઉટર્સ સાથે સંકળાયેલ વિધાર્થીઓને વગેરેને આગઉ જાણ કરી તેમજ તેઓ સાથે સંકલન સાધવા તથા ગ્રામ્યકક્ષાએ સ્વચ્છતાગ્રહી, ગાંધી વોલીન્ટીયર્સ, નિગરાની સમિતિના સભ્યો, સ્વચ્છતા ચેમ્પિયન, ગ્રામ પંચાયત/ગ્રામ સુખાકારી સમિતિના સભ્યો, સખી મંડળ/સ્વસહાય જૂથની બહેનો, આશા વર્કર, આંગણવાડી વર્કર, શાળાના શિક્ષકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ, સ્થાનિક ડૉકટર, ગ્રામજનોને વગેરેના સાથે જોડવાના રહેશે.

વધુમાં તાલુકાકક્ષાએ તેમજ ગ્રામ્યકક્ષાએ તમામ સ્ટાફને હાજર રાખી જે તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ કુરુક્ષેત્ર, હરિયાણા ખાતે આયોજિત સમેલનનું જીવંત પ્રસારણ DD NEWS ધ્વારા કરવામાં આવનાર છે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગ્રામ્ય કક્ષાએ બહોળી સંખ્યામાં નિહાળી શકે તે માટે ઉપરોકત તમામ વિભાગોએ હાજર રહી કાર્યક્રમને સફળ કરવા સુચના આપવમાં આવે છે. તેમજ નીચે આપેલ સુચનાઓની અમલવારી કરવાની રહેશે તેમજ તેનો અહેવાલ ફોટોગ્રાફસ સહીત અત્રે કરવાનો રહેશે.

Scanned by CamScanner

સૂચનાઓઃ-

૧) સ્વચ્છ શકિત દિનની ઉજવણીના આયોજન અંગેની જવાબદારી જિલ્લાકક્ષાએ નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ જિલ્લાની ટીમની તેમજ તાલુકાકક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા કો. ઓર્ડિનેટર,તાલુકા એન્જીનીયર તેમજ ગ્રામ પંચાયત કક્ષાએ કલસ્ટર કો.ઓર્ડિનેટર અને સ્વચ્છતાગ્રહીની રહેશે.

૨) ઉજવણી દરમ્યાન બ્લોક/કલસ્ટર કો.ઓર્ડિનેટર તથા આઈઈસી કન્સલટન્ટ અને જિલ્લા કો.ઓર્ડિનેટરે ગ્રામ પંચાયતકક્ષાએ આયોજીત કાર્યક્રમોમાં હાજર રહેવાનું રહેશે.

૩) સદરહું પ્રવૃતિઓનો વધુ પ્રચાર થાય તે માટે પ્રિન્ટ અને ઈલેકટોનિક મીડીયાને માહિતગાર કરવા અને જે અંગેની પ્રેસનોટ તેમજ રોજબરોજની પ્રવૃતિઓની ફોટો વગેરે સહિતની માહિતી નાયબ માહિતી નિયામકશ્રી કચેરી મારફતે અખબારોમાં તથા સ્થાનિક ન્યુઝ ચેનલોમાં પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

૪) સોશિયલ મીડીયા હેઠળ ભારત સરકારની વેબસાઈટ www.sbm.gov.in પર નિયામકશ્રીની રાહી મેળવો આયોજીત વિવિધ પ્રવૃતિઓની ટુંકી વિગત અને ફોટોગ્રાફ સહિત અપલોડ કરવાની રહેશે.

૫) ઉજવણી દરમિયાન આયોજિત તમામ કાર્યક્રમોની કેબલ ટેલિવિઝન પર સ્કોલીગ જાહેરાત આપવાની રહેશે.

૬) સ્વચ્છ શકિત દિનની ઉજવણીનો અહેવાલ ફોટો સહિત કલર કોપીમાં સ્પાયરલ જાહેરાત આપવાની રહેશે.

૭) આ અંગેનો સંપૂર્ણ ખર્ચ જિલ્લાના આઈઈસી ફંડમાંથી કરવાનો રહેશે. ખરીદી અને ખર્ચ રાજ્ય સરકારશ્રીના પ્રર્વતમાન નીતી નિયમો/સ્થાયી સૂચનાઓ/વહીવટી પ્રક્રિયા અનુસરીને કરવાનો રહેશે.

નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
પંચમહાલ ગોધરા.

પ્રતિ,
(૧) જિલ્લા પાણી પુરવઠા અધિકારીશ્રી,પાણી પુરવઠા કચેરી,પંચમહાલ,ગોધરા.
(૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ,ગોધરા.
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ,ગોધરા.
(૪) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ,ગોધરા.
(૫) જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ,ગોધરા.
(૬) નાયબ માહિતી નિયામકશ્રી,પંચમહાલ,ગોધરા.
(૭) ડીએલએમશ્રી,અત્રેની મિશન મંગલમ શાખા.
(૮) રજીસ્ટ્રારશ્રી,ગુરુ ગોવીદ યુનીર્વસીટી,પંચમહાલ,ગોધરા.
(૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત કચેરી,...........(તમામ).

**નકલ સવિનય રવાનાઃ-**

(૧)પી.એ.ટુ કલેકટરશ્રી,પંચમહાલ,ગોધરા તરફ જાણ સારું.
(૨)પી.એ.ટુ ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ,ગોધરા તરફ જાણ સારું.

Scanned by CamScanner